**વિષયઃ માથામાં જૂ પડવી (પેડિક્યુલોસિસ - જૂ ઉપદ્રવ)**
**અસરકારકઃ ફેબ્રુઆરી 2009; 2012; 2016**
**સમીક્ષા/પુનરાવર્તન તારીખઃ ઓક્ટોબર 2017**
**જવાબદારીઃ શિક્ષણ અધીક્ષક (એજ્યુકેશન સુપરિન્ટેન્ડેન્ટ)**

**ઇચ્છિત હેતુઃ**
હાલ્ટન ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ સ્કૂલોમાં બાળકોને પેડિક્યુલોસિસ (માથામાં જૂ ઉપદ્રવ) ન થાય તેવી પહેલને ટેકો આપે છે.

**કાર્યપદ્ધતિઓઃ**
બોર્ડ સ્કૂલોને, ખાસ કરીને એલિમેન્ટ્રી સ્કૂલ્સને ભલામણ કરે છે કે માતા-પિતાઓ પોતાના બાળકને માથામાં જૂ પડવાને સંબંધિત તપાસ કરાવે ખાસ કરીને ઉનાળુ, શિયાળો અને માર્ચના વિરામ પછી તેને લગતી કોઇ બાબતને શાળાની સમાચાર પત્રિકામાં સમાવે. માથામાં જૂ પડવાનો દરેક શંકાસ્પદ કેસ શોધાય એટલે તેની ભલામણ સ્ક્રીનિંગ એજન્સીને (તપાસ સંસ્થાને) અચૂક કરવી રહી. એજન્સી સ્થિતિની ચકાસણી કરશે. સ્ક્રીનિંગ એજન્સી આચાર્ય સાથેની સલાહ-મસલતમાં માથામાં જૂ પડવાના પાકા કેસ(સો)ની જાણ સંબંધિત માતા-પિતાઓને કરશે. આચાર્યએ સહી કરેલો પત્ર (પરિશિષ્ટ A) દરેક બાળકના ઘરે મોકલવામાં આવશે. જાણ કરાતા માતા-પિતાઓનું બાળક વર્ગમાં પરત ફરે તે પહેલાં તેઓ પાસે સ્ક્રીનિંગ એજન્સી કે તબીબી પ્રેક્ટિસનરે સહી કરેલું, સ્કૂલને પરત મોકલવાનું ફોર્મ અચૂક હોવું જોઇએ.

### 1. વર્ગ ખંડનું નિરીક્ષણ

- વર્ગ ખંડનું નિરીક્ષણ સરળ બનાવવા, શિક્ષક વર્ગને સંગઠિત કરશે અને તેની દેખરેખ રાખશે અને સ્ક્રીનિંગ એજન્સીને ગેરહાજર વિદ્યાર્થીઓ દર્શાવતી વર્ગની યાદી પૂરી પાડશે.
- આચાર્ય ખાતરી કરશે કે સ્ક્રીનિંગ એજન્સી જાણે કે ધાર્મિક રિવાજ પ્રમાણે માથું ઢાંકતા વિદ્યાર્થીઓ જાણતા હોય કે તેઓને અનુકૂળ થવાની જરૂર પડે તેવું બની શકે.
- જ્યારે માથામાં જૂ પડવાનો કોઇ હકારાત્મક કિસ્સો આચાર્યને નોંધાવવામાં આવે, ત્યારે સ્ક્રીનિંગ એજન્સી વર્ગના તમામ વિદ્યાર્થીઓ અને જે તે વિદ્યાર્થીના ભાઇ-બહેનનું ત્વરિત નિરીક્ષણ કરે તેવી ગોઠવણ કરશે.
- સ્ક્રીનિંગ એજન્સી શિક્ષક અને વર્ગને સમજાવશે કે તેઓ શું કરવાના છે.
- સ્ક્રીનિંગ એજન્સી માથામાં જૂ પડી હોય તેવા વિદ્યાર્થીઓની જાણ આચાર્યને કરશે.
- આચાર્ય તમામ હકારાત્મક કિસ્સાઓ માટે જાણ પત્ર (પરિશિષ્ટ A) ભરશે. જાણ પત્ર બાળકની સાથે ઘરે મોકલવામાં આવશે.
- સ્કૂલમાં માથામાં જૂ થવાનો ઉપદ્રવ મોટા પાયે થવાના કિસ્સામાં, એવી ભલામણ કરવામાં આવે છે કે આચાર્ય તમામ માતા-પિતાઓને પત્ર દ્વારા જાણ કરે.

### 2. સારવાર પછી સ્કૂલમાં પરત ફરવા સંબંધિત કાર્યપદ્ધતિઓ

સ્ક્રીનિંગ એજન્સી દ્વારા વિદ્યાર્થીઓની પુનઃતપાસ કરવામાં આવે અને તેઓને સ્ક્રીનિંગ એજન્સીના પર્સનલ સર્વિસીસ વર્કર દ્વારા વિદ્યાર્થીઓ વર્ગમાં પરત ફરી શકે તે દર્શાવતું, સહી કરેલું જરૂરી ફોર્મ પૂરું પાડવામાં આવે ત્યાર પછી તેઓ સ્કૂલમાં પરત ફરી શકે.
વૈકલ્પિક રીતે, માતા-પિતાઓ પોતાના બાળકના માથાની તપાસ તબીબી પ્રેક્ટિસનર કે પર્સનલ સર્વિસીસ વર્કરનું પ્રમાણપત્ર ધરાવતા નોંધાયેલી જૂ શોધતી સંસ્થાના કર્મચારી દ્વારા કરાવવાનું પસંદ કરી શકે.

**પરિશિષ્ટ A**
(Sample)

(School Letterhead)

(Date)

પ્રિય (Name of Parent/Guardian):
સ્કૂલમાં બાળકોના માથામાં જૂ ઉપદ્રવ થયો હોવાની શંકાને લીધે, તાજેતરમાં પ્રારંભિક આરોગ્ય તપાસની વિનંતી કરવામાં આવી હતી. પરિણામ સ્વરૂપે, તમારું બાળક પ્રભાવિત થયું હોવાનું જોવામાં આવ્યું હતું. ***તમારા બાળકના માથામાં જૂ અને/અથવા તેની/તેણીની ખોપડીમાં જૂ નાં ઇંડાઓ જોવાયા હોવાને લીધે બાળકને સ્કૂલમાં હાજર રહેવામાંથી બાકાત રાખવામાં આવેલ છે.***
તમને સહાયરૂપ થવા સ્કૂલમાં માથામાં જૂ અંગે માહિતી પૅકેજ ઉપલબ્ધ છે. કૃપા કરી યોગ્ય સારવાર નિર્ધારિત કરવા, ફાર્માસિસ્ટ કે તમારા કૌટુબિંક તબીબ સાથે સલાહ-મસલત કરો.
તમારા બાળકના વાળમાંથી બધી જૂ અને જૂ નાં ઇંડાઓ કાઢી લેવામાં આવે, એટલે કૃપા કરી We Care Home Health Services (વી કૅર હોમ હેલ્થ સર્વિસીસ) હોટલાઇનને **(905) 507-6562 કે 1-855-507-6562** નંબર પર ફોન કૉલ કરશો. તમે તમારા બાળકને પુનઃતપાસ માટે લઇ જઇ શકો તે સ્થળોની સલાહ રિસેપ્શનિસ્ટ તમને આપશે. જો તમે સાઇટ પર હાજર રહેવામાં અક્ષમ રહો, તો વૈકલ્પિક (બપોર પછીના) સ્થળો માટે We Care Home Health Services ને કૉલ કરો. વૈકલ્પિક રીતે, માતા-પિતાઓ પોતાના બાળકના માથાની તપાસ તબીબી પ્રેક્ટિસનર કે પર્સનલ સર્વિસ વર્કરનું પ્રમાણપત્ર ધરાવતા નોંધાયેલી જૂ તપાસતી સંસ્થાના કર્મચારી દ્વારા કરાવવાનું પસંદ કરી શકે.

We Care Home Health Services નાં પર્સનલ સર્વિસીસ વર્કર (PSW), બીજી કોઇ નોંધાયેલી જૂ તપાસતી સંસ્થા કે તબીબી પ્રેક્ટિસનર દ્વારા બાળકનું માથું જૂ, ઇંડાઓ અને લીખથી મુક્ત હોવાની પુનઃતપાસ થાય એટલે તમને એવું ફોર્મ આપવામાં આવશે જે તમારા બાળકને સ્કૂલમાં પરત ફરવાની પરવાનગી આપે. જો તમારા બાળકના વાળમાં હજુ પણ જૂ કે જૂ નાં ઇંડાઓ હોય, તો તે તપાસતી સંસ્થાનાં PSW તમને વધુ સારવાર માટે સહાયતા આપશે અને ભલામણો કરશે.

ખરા દિલથી,
(Principal’s name)

**પરિશિષ્ટ B:**
(Sample)

(School Letterhead)

(Date)

પ્રિય (Name of Parent/Guardian):

ગયા અઠવાડિયે, તમારા બાળકના વર્ગમાંના કેટલાક બાળકોને માથામાં જૂ હોવાનું જોવામાં આવ્યું હતું. એ સલાહકારી છે કે તમે તમારા બાળકના વાળનું દરરોજ નિરીક્ષણ કરવાનું ચાલુ રાખો.

માથામાં જૂ ઉપદ્રવ સુઘડતાની દૃષ્ટિએ કોઇ સારું પ્રતિબિંબ કરતું નથી; તે અવારનવાર થનારી સમસ્યા છે જે સીધા સંપર્કમાં આવતી કોઇપણ વ્યક્તિને અસર કરી શકે છે.

જો તમે જુઓ કે તમારા બાળકને માથામાં જૂ પડી છે, તો તમે સ્કૂલનો સંપર્ક કરો તેવી ભલામણ કરવામાં આવે છે. આ માહિતી માથાની જૂ નાં ઉપદ્રવને નિયંત્રિત કરવા જરૂરી છે. માથામાં જૂ જોવા મળે તેવા બાળકોને સ્કૂલમાંથી બાકાત રાખવામાં આવશે અને માતા-પિતાઓને સારવારના ભલામણ કરેલા ક્રમને અનુસરવાની સલાહ આપવામાં આવે છે.

બાળકોની તપાસ We Care Home Health Services કરી લે અને રિટર્ન ટૂ સ્કૂલ ફોર્મ આપવામાં આવે એટલે બાળકો સ્કૂલમાં પરત ફરી શકે. વૈકલ્પિક રીતે, માતા-પિતાઓ પોતાના બાળકના માથાની તપાસ તબીબી પ્રેક્ટિસનર કે પર્સનલ સર્વિસીસ વર્કરનું પ્રમાણપત્ર ધરાવતા નોંધાયેલી જૂ શોધતી સંસ્થાના કર્મચારી દ્વારા કરાવવાનું પસંદ કરી શકે.

જો તમને કોઇ પ્રશ્નો હોય જેના જવાબો ન મળ્યા હોય, તો કૃપા કરી મને સ્કૂલમાં કૉલ કરો.

ખરા દિલથી,
(Principal's name)

## પરિશિષ્ટ C

**પ્રસ્તાવના**
માથામાં જૂ પડવાના (પેડિક્યુલોસિસ - જૂ ઉપદ્રવના) નિયંત્રણમાં વર્ગ ખંડમાં તપાસ કરાવવા ખાનગી નર્સીંગ એજન્સીની સર્વિસીસનું સંકલન કરવાનો અને દેખરેખ રાખવાનો સમાવેશ થાય છે.

**ભૂમિકાઓ અને જવાબદારીઓ**

**1. ધી પબ્લિક હેલ્થ નર્સ (905) 825-6000**
- વિનંતી કરવાથી, માથામાં જૂ સંબંધિત હાલના મુદ્દાઓ પર કર્મચારીઓને સલાહ-મસલત પૂરી પાડે છે
- મીડિયાને માથામાં જૂ સંબંધિત માહિતી પૂરી પાડે છે.

**2. સ્કૂલ આચાર્ય**
- સ્કૂલના વાતાવરણમાં માથાની જૂ નાં નિયંત્રણમાં લેવાતા રોકથામ પગલાઓને પ્રોત્સાહિત કરે છે અને લાગુ કરે છે
- માથાની જૂ નો શંકાસ્પદ / પાકો કિસ્સો નોંધાવવા સ્ક્રીનિંગ એજન્સીને વર્ગ ખંડમાં જૂ ઉપદ્રવની ઝડપી તપાસ કરવાની વિનંતી કરે છે
- ધાર્મિક દૃષ્ટિએ માથું ઢાંકતા બાળક(કો)ના માતા-પિતા(ઓ)ને અનુકૂળ થવાની ચર્ચા કરવા તેઓનો સંપર્ક કરે છે
- ખાતરી કરે છે કે જાણેલા જૂ ઉપદ્રવની જાણ બાળકના માતા-પિતાઓને કરવામાં આવે અને બાળકોએ સ્કૂલમાં પરત આવતા પહેલાં સંતોષવાની જરૂરિયાતોથી તેઓને માહિતગાર કરવામાં આવે
- ઓળખાયેલા ઉપદ્રવવાળા બાળકને બાકાત રાખે છે
- સારવાર પછી જૂ અને જૂ નાં ઇંડાઓનો નાશ થયો હોવાની તપાસ કરતી સંસ્થા કે તબીબી પ્રેક્ટિસનર દ્વારા લેખિત મંજૂરી મળે ત્યારે બાળકના પુનઃપ્રવેશની પરવાનગી આપે છે.

**3. શિક્ષક**
- વર્ગમાં માથાની જૂ નાં નિયંત્રણમાં લેવાતા રોકથામ પગલાઓને સક્રિયપણે પ્રોત્સાહિત કરે છે અને લાગુ કરે છે
- માથામાં જૂ ઉપદ્રવ દર્શાવતા લક્ષણોથી માહિતગાર હોય છે (પરિશિષ્ટ D)
- અનુકૂળ થવાની જરૂર પડી શકે તેવા ધાર્મિક રિવાજથી માથું ઢાંકતા વિદ્યાર્થીઓથી આચાર્યને માહિતગાર કરે છે
- આચાર્યને શંકાસ્પદ ઉપદ્રવની જાણ કરે છે
- શૈક્ષણિક તકો અને સંસાધન સામગ્રીઓ પૂરી પાડવા માતા-પિતાઓ સાથે સહકાર સ્થાપે છે જેથી માથામાં જૂ વિશે ડર અને ગેરમાહિતીનું સ્તર ઘટાડી શકાય.

**4. માતા-પિતા/વાલી**

- ઉપદ્રવ દર્શાવે તેવા લક્ષણોથી માહિતગાર થવું
- અઠવાડિયામાં એકવાર સંભવિત ઉપદ્રવ માટે બાળકનું માથું તપાસવું, ખાસ કરીને સ્કૂલ વર્ષની શરૂઆતમાં, સ્કૂલમાં વિરામ પછી અને રોગચાળો ફાટી નીકળે ત્યારે
- રોકથામ પગલા તરીકે બાળકને વાળ ઓળવા માટે પ્રોત્સાહિત કરવું
- જો ઉપદ્રવના ફેલાવાની જાણ થાય તો સ્કૂલ અને અન્ય સંભવિત સામુદાયિક સંપર્કોને જાણ કરવી
- સારવાર પદ્ધતિઓ અજમાવી હોવાની ખાતરી કરવી
- બાળકને પુનઃતપાસ માટે તપાસ કરતી સંસ્થા કે તબીબી પ્રેક્ટિસનર પાસે લઇ જવો
- પુનઃતપાસ ફોર્મ જે બાળક સ્કૂલમાં પરત ફરી શકતો હોવાનું જણાવતું હોય અને જે એજન્સી કે તબીબી પ્રેક્ટિસનરે આપ્યું હોય તે આચાર્યને પૂરું પાડવું.

**5. ખાનગી સંસ્થાના કર્મચારીગણ**

- સ્કૂલે જણાવેલા શંકાસ્પદ કિસ્સા સામે વહેલામાં વહેલી તકે પ્રતિભાવ આપે છે
- વર્ગ ખંડમાં ઝડપી તપાસ માટે આચાર્ય સાથે સમય અને અનુકૂળતાની ગોઠવણ કરે છે
- આચાર્યએ વર્ણવેલા ધાર્મિક રિવાજ પ્રમાણે માથું ઢાંકતા વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા ઊભી કરે છે
- માતા-પિતાને ભલામણ કરેલી સારવાર પદ્ધતિઓની જાણ કરે છે
- બાળકને કોઇ મૂંઝવણ ઓછામાં ઓછી કરવા અને માતા-પિતાને આતુરતામાંથી મુક્ત કરવા સ્કૂલ કર્મચારીઓ સાથે ઘનિષ્ટપણે કામ કરે છે
- બધી જૂ અને જૂ નાં ઇંડાઓ મરી જાય ત્યારે માતા-પિતાને સહી કરેલું પુનઃપ્રવેશ ફોર્મ પૂરું પાડે છે.

**6. સ્કૂલના વહીવટી તંત્ર સાથેના સહયોગમાં સંસ્થાના કર્મચારીગણ માટે તપાસ સંબંધિત પ્રોટોકૉલ**

જ્યારે એક કે વધારે બાળકને માથામાં જૂ હોવાનું જાણવા મળે, ત્યારેઃ

- બાળકના વર્ગમાં તમામ વિદ્યાર્થીઓને તપાસવા
- જ્યારે દસ કે વધારે બાળકોને માથામાં જૂ પડી હોવાનું જોવામાં આવે ત્યારે જો ભાઇ-બહેનને જૂ હોવાનું જાણવા મળે, તો ભાઇ-બહેનના વર્ગમાં તમામ વિદ્યાર્થીઓને તપાસવા
- સ્કૂલમાં કિંડરગાર્ટનથી ગ્રેડ ચાર સુધીના તમામ વર્ગો તપાસવા
- ઉપર વર્ણવેલા અન્ય વર્ગોને સંબંધિત ઓળખેલા કેસ(સો) તપાસવા.

**7. કાર્યપદ્ધતિ**

- જો શક્ય હોય તો સારી ઉજાસવાળી સ્થિતિઓ અને ગુપ્તતાની ખાતરી કરવી
- એપ્લિકેટર્સની જોડીનો ઉપયોગ કરીને વાળની સેર અલગ કરો
- વાપર્યા પછી એપ્લિકેટર્સને થેલીમાં મૂકો
- જો 1 સે.મી. (1/2 ઇંચની) ખોપડીમાં જીવંત જૂ કે જૂ નાં જીવી શકતા ઇંડાઓ જોવામાં આવે તો બાળકને માત્ર ઉપદ્રવી તરીકે ઓળખો
- માતા-પિતા(ઓ)/વાલી(ઓ)ને જાણ કરો અને સલાહ આપો કે બાળકની સારવાર વહેલામાં વહેલી તકે કરે
- ખાતરી કરો કે માતા-પિતા(ઓ)/વાલી(ઓ) સારવાર, ફોલો-અપ અને સંપર્ક શોધી કાઢવા અંગે હાલનું માહિતી સાહિત્ય મેળવે છે
- વર્ગ ખંડ બહાર ખાનગી વિસ્તારમાં ભાઇ-બહેન સંપર્કોને તપાસો

**પરિશિષ્ટ D**

## પેડિક્યુલોસિસ (માથામાં જૂ ઉપદ્રવ) સંબંધિત લક્ષણો

એ બહુ મહત્વનું છે કે માતા-પિતાઓ/સંભાળકર્તાઓ પોતાના બાળકોના માથાની જૂ સંબંધિત તપાસ કરવા અઠવાડિયામાં એકવાર તપાસે.

માથામાં જૂ પડવાના ચિહ્ન તરીકે ખંજવાળ માટે રાહ જોશો નહીં. બાળકોને માથામાં ખંજવાળ શરૂ થાય ત્યાર પહેલાં ઘણાં અઠવાડિયાઓ સુધી જૂ પડી શકે છે.

તમને માથામાં જૂ થઇ હોવાનું તમે જાણશો જો તમે જુઓઃ

- વાળમાં જીવતી જૂ. માથાની જૂ બહુ ઝીણી, પંખ વગરની, રાખોડી કથ્થઇ રંગની જીવાત હોય છે. તે જોવામાં અઘરી હોય છે, કારણ કે તમે વાળ છૂટા કરો ત્યારે ઝડપથી ખસતી હોય છે.
- પંખ વગરની જૂ નાં ઇંડાઓ. તાજા જન્મેલા ઇંડાઓ વાળની દાંડી પર ચોંટે છે અને માથાની ખોપડીથી બહુ નજીકમાં હોય છે. ઇંડાઓ પિનના માથા કરતા પણ વધારે નાના, ઇંડાકાર અને રાખોડીથી કથ્થઇ રંગના હોય છે. આ ઇંડાઓ 7-10 દિવસમાં પરિપકવ થશે. જોકે જૂ ઇંડાઓ માથામાં કોઇપણ જગ્યાએ મૂકી શકે છે, મનપસંદ જગ્યાઓ કાનની આસપાસ અને ગરદનની બોચી પાસેની છે.

પબ્લિક હેલ્થ નર્સ (Public Health Nurse)

હાલ્ટન પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ (Halton Public Health Department)

હાલ્ટન પ્રદેશ (Halton Region)